# અરવલ્લીપોલીસ વડા, નાયબ પોલીસ વડા કોરોનાના સકંજામાં

### બંન્ને પોલીસ અધિકારી હોમ ક્વોરન્ટાઈન થયા, સંપર્કમાં આવેલા પોલીસ કર્મીઓમાં ફફડાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અધિકારીઓ, ન્યાયાધિશોને સકંજામાં લેતાં કોરોનાના વધતા કહેરથી પ્રજામાં ભય વ્યાપ્યો છે. અરવલ્લી પોલીસ વડા સંજય ખરાત, નાયબ પોલીસ વડા ભરત બસીયાના રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં બંન્ને પોલીસ અધિકારી હોમ ક્વોરન્ટાઈન થયા છે. જ્યારે બંન્ને અધિકારીઓના સંપર્કમાં આવેલા પોલીસ કર્મીઓમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લામાં સત્વરે શૈક્ષણિક સંકુલોમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ નહીં કરાય તો કોરોના હાહાકાર મચાવે તેવી દહેશત છે.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બની ગયું છે. વધતા કોરોનાના કેસ બાબતે રાજકીય મેળાવડા ઉપર ખુલ્લેઆમ દોષારોપણ શરૂ થયું છે. જિલ્લામાં ભલે આરોગ્ય તંત્ર સિમિત કોરોના પોઝિટિવ કેસ હોવાના દાવા કરતું હોય પરંતુ સાઠંબા થી ભિલોડા સુધી કોરોના કેસમાં દરરોજ ઉછાળો આવી રહ્યો છે. ૪૦૦ થી વધુ પોઝિટિવ કેસ હોવાની આશંકા છે. કારણ કે ખાનગી લેબોરેટરી અને દવાખાનાઓમાં કોરોનાની ગુંજ સંભળાય છે તે ચિંતા પ્રેરક છે. ખાસ કરીને મોડાસા શહેર કોરોનાના અજગરી ભરડામાં આવ્યું છે. ઓર્થોપેડીક સર્જન પછી ન્યાયાધિશો, વેપારી વગેરે કોરોનાથી સંક્રમિત થયા પછી બુધવારે વધુ બે પોલીસ અધિકારી કોરોના સંક્રમિત થતાં બહુમાળી ભવનમાં પણ કોરોનાનો ઓછાયો હાવિ થઈ ગયો છે.

### કોરોનાના વાવાઝોડામાં રાજકીય ઉથલ પાથલની ચર્ચા

# મોડાસાના ધારાસભ્યની દહેગામ, ધનસુરા, મોડાસા રોડને ૪ માર્ગીય બનાવવાની દરખાસ્ત મંજૂર

### કોંગ્રેસના ધારાસભ્ય ભાજપમાં તો નહીં જોડાય ને..?? ચર્ચાઓ જોરમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

મોડાસાના કોંગ્રેસી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે વિધાનસભા ગૃહમાં બજેટની માંગણીઓની ચર્ચા દરમ્યાન દહેગામ-ધનસુરા-મોડાસા રોડને ચાર માર્ગીય બનાવવા ધારદાર રજૂઆત કરતાં સરકારે રસ્તો મંજૂર કર્યો છે. તેવી કોંગ્રેસના એક અગ્રણીએ પોસ્ટ સોશ્યલ મીડીયા ઉપર ફોટા સાથે વાયરલ કર્યા પછી કોંગ્રેસના ધારાસભ્યએ ભાજપમાં જવાનો માર્ગ તો તૈયાર નથી કરી રહ્યા ને..?? તેવી ચર્ચાઓ જોરમાં છે. કોરોનાના વાવાઝોડામાં રાજકીય ઉથલ પાથલ પણ સંભવ બની છે. આગામી દિવસોમાં મોડાસા વિધાનસભા મતક્ષેત્રમાં શું થશે..?? તેની અટકળો ચાલી રહી છે.



મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર એટલે અજાતશત્રુ, ગમે તે માણસ આસાનીથી મળી શકે અને તેના કારણે સતત બે ટર્મથી મોડાસા વિધાનસભા મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે. પરંતુ તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પછી જે ઘટનાક્રમ સર્જાયો તે જોતાં કોંગ્રેસના ધારાસભ્ય સામે ખુદ પક્ષના અગ્રહરોળના આગેવાનો પણ શંકા કરે તે સ્વાભાવિક છે. ભલે સ્થાનિક સ્વરાજયના ચૂંટણીખેલમાં રાજ રમત રમાઈ ન હોય તો પણ જે ચર્ચાઓ વિધાનસભા મતક્ષેત્રમાં છે તે જોતાં પ્રદેશ કોંગ્રેસને મનમાં ફાળ પડી હોય તો નવાઈ પામવા જેવું નહીં હોય. મોડાસાના કોંગ્રેસી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના કોંગ્રેસી મિત્રોએ જે પોસ્ટ સોશ્યલ મીડીયામાં ફરતી કરી છે અને ૪ માર્ગીય રસ્તો તેની રજૂઆત પછી મંજૂર થયાનો દાવો કર્યો છે તે ઘણું બધું કહી જાય છે. છેલ્લા ૨ મહિનામાં ગાંધીનગર સમાચાર અરવલ્લી જિલ્લાના રાજકીય વિશ્લેક્ષણમાં અગ્રેસર રહ્યું છે આ વખતે રાજકીય વિશ્લેષણ ખોટું નહીં ઠરે તેવી સંભાવના છે.

## સરડોઈના યુવા કવિ દિનેશ નાયકનું સન્માન કરવું

મોડાસા તાલુકાના સરડોઈ ગામના યુવા કવિ દિનેશ રણછોડભાઈ નાયકે દર્પણ શબ્દ પરથી સ્વરચિત રચના રજૂ કરી



હતી. જેને શબ્દ વાવેતર એક પરિવાર સાહિત્ય ગૃપ દ્વારા મેરીટમાં બીજા સ્થાને પસંદ કરી સરડોઈના યુવા કવિને સન્માનપત્ર આપી સન્માન કરાતાં સમસ્ત નાયક સમાજમાં આનંદની લાગણી ફરી વળી છે. સરડોઈના યુવા કવિએ ચિત્ર પરથી સ્વરચિત ઉત્કૃષ્ઠ રચનાઓ, પદ/ગદ્ય પ્રસ્તુત કરી પણ અગાઉ સન્માનપત્ર મેળવ્યું છે. અરવલ્લી જિલ્લાને યુવા કવિ ઉપર મોટી આશાઓ બંધાઈ છે.

# બાયડના લાખેશ્વરીમાં ૨૫ લાખના ખર્ચે બનેલો સી.સી. રોડ ૫ મહિનામાં ભંગાર

### નબળી ગુણવત્તાના કામની તપાસ કરી રોડ ફરી રીસરફેશ કરાવવા પાલિકા સભ્યોની માંગ : અહોમ્ આશ્ચર્યમ્ કોન્ટ્રાક્ટરને પૈસા ચૂકવાયા પછી ફરિયાદ સામે આવી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ પાલિકામાં વિકાસના કામોમાં કટકીની ગંભીર ફરિયાદો મુજબ કોન્ટ્રાક્ટરને પૈસા પણ ૪ મહિના અગાઉ ચૂકવી દેવામાં આવ્યા છે.

આચરવામાં આવેલી ગેરરીતીની તપાસની બાયડ ગામના યુવાનો અને બાયડનો સર્વાંગી વિકાસ

મેટલ ઉખડીને બહાર આવી છે. સી.સી.રોડમાં ગાબડાં પડ્યાં છે. સી.સી. રોડ બનતો હતો ત્યારે





છે. ત્યારે બાયડના લાખેશ્વરી વિસ્તારમાં કપડવંજ રોડથી ગાબટ રોડ સુધી રૂા.૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલ સી.સી. રોડમાં ૫ મહિનામાં જ મેટલ બહાર આવી રસ્તામાં ગાબડાં પડી જતાં રહીશોમાં રોષ વ્યાપ્યો છે. બાયડ પાલિકામાં તાજેતરમાં ચૂંટાયેલા ભાજપના વોર્ડ નં.૨ ના સભ્યોએ નબળી ગુણવત્તાના કામની તપાસ કરવાની સાથે રોડ ફરી રીસરફેશ કરવાની લેખિત માંગ કરી છે. જાણવા મળ્યા

બાયડ પાલિકાનો વર્તમાન ચૂંટણી જંગ ભ્રષ્ટાચારના મુદ્દે લડાયો હતો. પાલિકા વિસ્તારના મતદારોએ ભ્રષ્ટ શાસનને ઉખાડી ફેંકતાં કોંગ્રેસનો કારમો પરાજય થયો અને ભાજપનો જવલંત વિજય થતાં અગાઉ પાલિકામાં સાંઠગાંઠ રાખતા અનેક કોન્ટ્રાક્ટરો અને તેમના વચેટીયાઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા એક સપ્તાહથી બાયડ પાલિકામાં સી.સી. રોડ સહિત થયેલા વિકાસના કામોમાં ઝંખતા પ્રબુધ નાગરિકો માંગ કરી રહ્યા છે. ત્યારે બાયડ પાલિકાના લાખેશ્વરી વિસ્તારમાં કોન્ટ્રાક્ટર દ્વારા ૨ તબક્કામાં રૂા.૨૪,૪૭,૭૭૬ના ખર્ચે સી.સી. રોડ તૈયાર કરવામાં આવ્યો હતો. સી.સી.રોડ તૈયાર થયો ત્યારે પાલિકાના બાંધકામ ઈજનેરથી માંડી જવાબદારોએ યોગ્ય કાળજી રાખી નહીં જેના કારણે નબળી ગુણવત્તાનો રસ્તો ૫ મહિનામાં જ ભંગારમાં ફેરવાઈ ગયો. ઠેર ઠેર સ્થાનિકોએ નબળી કામગીરીનો આક્ષેપ કર્યો પરંતુ પાલિકાએ ગંભીરતા દાખવી ન હતી આખરે આ વિસ્તારમાંથી ચૂંટાયેલા જાગૃત કોર્પોરેટર પ્રકાશ આઈ. સોલંકી અને જીજ્ઞાશાબેન એસ. રાઠોડે લાખેશ્વરી વિસ્તારમાં બનાવેલ સી.સી. રોડ ભંગાર હાલતમાં ફેરવાયો હોવાથી કોન્ટ્રાક્ટરનુંબીલ ચૂકવણુંઅટકાવવા અને ૩ વર્ષની ગેરંટી પીરીયડમાં હોવાથી ફરીથી રીસરફેસીંગ કરાવવાની માંગ કરી છે.

## યશવંતભાઈ પટેલની નાયબ શિક્ષણ નિયામક તરીકે બઢતી

બાયડના વતની અને હાલ મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા યશવંતભાઈ એચ. પટેલ (વાય.એચ.પટેલ)ની રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બઢતી આપી



નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી-ગાંધીનગર ખાતે નિયુક્તિ કરવામાં આવતાં બાયડગામ અને આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારવા બદલ સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લામાંથી મોટી સંખ્યામાં શ્રમજીવીઓ વતન ભણી, ઉદ્યોગગૃહો, ખેતરોમાં અફડા તફડી

### હોળી-ધુળેટીના પર્વની સાથે કોરોના અને લોકડાઉનનો ભય પણ હાવિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

રાજ્યમાં કોરોનાની સ્થિતિ વિસ્ફોટક બની છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના કેસમાં ઉછાળો આવ્યો પછી છેલ્લા ૩ દિવસથી લૉકડાઉનની અફવા હાવિ થઈ છે. સરકાર અને ખુદ મુખ્ય મંત્રીએ લૉકડાઉનની અફવાને નકારી છે તેમ છતાં બંન્ને જિલ્લામાંથી મોટી સંખ્યામાં શ્રમજીવીઓ વતન ભણી રવાના થયા છે જેના કારણે અનેક ઉદ્યોગગૃહો અને ખેતરોમાં શ્રમજીવીઓના અભાવે અફડા તફડી મચી છે. હોળી-ધુળેટી પર્વમાં પંચમહાલ, દાહોદ, ગોધરા અને રાજસ્થાનના શ્રમજીવીઓ વતન ભણી દોટ લગાવે છે પરંતુ કોરોના અને લૉકડાઉનનો ભય પણ હાવિ થયાનું ક્યાંક ને ક્યાંક દેખાઈ રહ્યું છે.

ગત માર્ચ-૨૦૨૦ માં કોરોનાના કારણે લૉકડાઉન અમલી બન્યું અને શ્રમજીવીઓએ ૧૦૦ થી ૪૦૦ કી.મી. પગપાળા ચાલી વતન પહોંચ્યા તે આપવીતી આજદિન સુધી ભૂલ્યા નથી. ફરી એકવાર માર્ચ મહિનામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ થયું છે. ગામે ગામ કોરોનાના કેસ ડોકાઈ રહ્યા છે. ખાનગી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવી રહ્યો છે. જોગાનું જોગ માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં હોળી-ધુળેટીનું પર્વ છે એટલે શ્રમજીવીઓની વતન વાપસી એક યોગ હતો પરંતુ તેમાં કોરોનાનું સંક્રમણ અને લૉકડાઉનનો ભય હાવિ થતાં પલીતો ચાંપાયા જેવી સ્થિતિ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક ઔદ્યોગિક ગૃહોમાંથી રાજ્ય અને પરપ્રાંતિય શ્રમજીવીઓએ જે રીતે ઉચાળા ભર્યા છે તે જોતાં હોળી-ધુળેટી પર્વ પુરૂ થયા પછી પણ પખવાડીયા કે મહિના પછી ઉદ્યોગગૃહો શ્રમજીવીઓની હાજરી વગર શરૂ થઈ શકશે ખરા..??

# બાયડ પાલિકાએ બે દિવસમાં બે લાખનો વેરો વસુલ્યો

### કોરોનાનું સંક્રમણ વધ્યું છતાં વેરા વસુલાતમાં ઉછાળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ પાલિકામાં નબળા વેરા વસુલાતને સઘન બનાવવામાં આવ્યું છે. પાછલા ૨ દિવસમાં નગરપાલિકાના કર્મચારીઓએ કોરોનાનું સંક્રમણ છતાં રૂા.૨,૧૨,૪૭૪નો વેરો વસુલી પાલિકાના સ્વભંડોળનેસમૃદ્ધ કરવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

બાયડ પાલિકાના મિલકત ધારકો પાસે રૂા.દોઢ કરોડની વેરા વસુલાત બાકી હતી. મિલકત ધારકો વેરો ભરવા માટે તૈયાર હોવા છતાં અગાઉના સત્તાધિશો દ્વારા વેરા વસુલાત બાબતે નિરશતા દાખવતાં માત્ર ૩૨ ટકા વેરો વસુલ થયો હતો. પાલિકા પાસે સ્વભંડોળમાં માત્ર રૂા.૨ લાખ બચ્યા હતા. તા.૨ માર્ચ પછી બાયડ પાલિકામાં ભાજપનું શાસન આવ્યું અને એ સાથે જ વેરા વસુલાત ઝૂંબેશને સઘન બનાવતાં પાલિકાના કર્મચારી મુકેશભાઈ પી. પટેલ અને તેમની ટીમ દ્વારા સવાર થી સાંજ સુધી વેરા વસુલવાની કામગીરી શરૂ કરતાં પાછલા ૨ દિવસમાં જ રૂા.૨.૧૨ લાખથી વધુનો વેરો વસુલાયો છે. જ્યારે ગત રવિવારે પણ પાલિકાના કર્મચારીઓએ વેરા વસુલી અંદાજીત રૂા.૧ લાખ સુધીનો વેરો વસુલ્યાનું જાણવા મળ્યું છે.

## કાયમી બાકીદારો માટે અચ્છે દિન : ઉત્તર ગુજરાતમાં ૨૭ માર્ચથી ૮ દિવસ સુધી બેન્કો બંધ

હોળી-ધુળેટીનું પર્વ નજીક છે અને માર્ચ મહિનો પૂર્ણાહૂતિ તરફ આગળ વધ્યો છે ત્યારે ખાસ કરીને કાયમી બાકીદારો માટે અચ્છે દિન આવી શકે છે. તા.૨૭ માર્ચ ચોથા શનિવારથી બેન્કો ૮ દિવસ સુધી બંધ રહેશે. પ્રજાએ પણ બેન્કમાં પૈસા હોય તો ઘરવપરાશ માટેની વ્યવસ્થા અત્યારથી જ કરવી પડશે અન્યથા છતાં પૈસે ઉછીના લેવા માટે નિકળવાની નોબત આવી શકે છે.

વેપારી ઈચ્છે કે બેન્કો ક્યારેય બંધ ન રહે, જ્યારે રીઢો બાકીદાર ઈચ્છે કે બેન્કો બંધ રહે તો મારે શાંતિ. દરેક પોતપોતાનો સ્વાર્થ જોતા હોય છે. પરંતુ દરેકને કોઈને કોઈ પ્રકારે સમાન તક મળતી હોય છે પરંતુ તેને કેમ મૂલવવી તેની વિચારધારા અલગ હોય છે. માર્ચ મહિનો આમેય વેપારીઓથી માંડી ખુદ સરકાર માટે માથાના દુઃખાવારૂપ હોય છે. માર્ચ મહિનામાં ફાઈનાન્સરો પણ ધિરાણ કરતા નથી જેના કારણે બજારમાં માર્ચના અંતિમ પખવાડીયામાં મની ક્રાઈસીસનો અનુભવ થતો હોય છે. ત્યારે જાણકારેએ આપેલી વિગતો અનુસાર તા.૨૭ માર્ચથી તા.૪ એપ્રિલ-૨૦૨૧ સુધીમાં માત્ર ૨ દિવસ જ બેન્કો ચાલુ રહેશે. તા.૨૭, ૨૮, ૨૯ માર્ચ સતત ૩ દિવસ બેન્કો બંધ રહેશે, તા.૩૦ માર્ચે પણ બેન્કનું કામ થઈ શકશે નહીં, તા.૩૧ માર્ચે રજા નથી પરંતુ નાણાંકીય વર્ષનો છેલ્લો દિવસ છે. ત્યારબાદ બેન્ક એકાઉન્ટ બંધ કરવા માટે તા.૧ એપ્રિલનો દિવસ નક્કી કર્યો છે એ પછી તા.૨ એપ્રિલે ગુડળાઈડેની રજા રહેશે. તા.૩ એપ્રિલે બેન્ક ચાલુ રહેશે અને તા.૪ એપ્રિલે રવિવારે બેન્કો બંધ રહેશે તેમ જાણવા મળ્યું છે.

# રોડ કોન્ટ્રાકટરો અને ટકાવારી લેનારાઓની ઉંઘ હરામ

### બાયડ પાલિકામાં રસ્તા સહિત વિકાસના કામોની વિઝીલન્સ તપાસના ભણકારા : ભાજપ સત્તામાં આવતાં જ એક્શનમાં, તૂટેલા રોડનું ફરી સમારકામ કરાવવાની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ નગરપાલિકાની સામાન્ય સભામાં અગાઉના સત્તાધિશો દ્વારા રસ્તા સહિત વિકાસના કરાયેલા કામોની ગુણવત્તા અંગે સવાલ કરવાની સાથે વિઝીલન્સ તપાસના ભણકારા વાગી રહ્યા છે. ભાજપ સત્તામાં આવતાં જ એક્શનમાં આવ્યો છે. લાખેશ્વરી, બાયડગામ સહિતના અન્ય વિસ્તારોમાં થયેલા સી.સી.રોડ તૂટી જતાં તેનું ફરી સમારકામ કરાવવાની પણ આ વિસ્તારમાંથી ચૂંટાયેલા નગરસેવકોએ માંગ કરી છે. આ સાથે જ રોડ કોન્ટ્રાક્ટરોની ઉંઘ હરામ થઈ છે.

બાયડ પાલિકામાં અગાઉના સત્તાધિશો સામે ભ્રષ્ટાચારના આરોપોને ખુલ્લેઆમ ટકાવારી લેતા હોવાના આક્ષેપ થયેલા છે. આક્ષેપોમાં તથ્ય હોય તેમ કેટલાક વિસ્તારોમાં સી.સી.રોડ બન્યાના ગણતરીના દિવસોમાં જ ઉખડવા લાગ્યો હતો. ક્યાંક જોખમી ખાડા પડી ગયા છે. એક રીતે ગુણવત્તા વગરનું કામ થયું હોવાના આરોપ પણ સ્થાનિક રહીશોએ લગાવ્યા હતા. બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાતાં મતદારોએ ભાજપને સત્તા આપી છે ત્યારે ભાજપ દ્વારા પણ રસ્તા અને વિકાસના કામોમાં કોઈ ગેરરીતી થઈ હોય તો તે સામે લાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરી બાયડ પાલિકાની સામાન્ય સભામાં નબળા કામો બાબતે ગંભીરતાથી ચર્ચા થઈ છે તે જોતાં વિકાસના તમામ કામોની વિઝીલન્સ તપાસના ભણકારા વાગી રહ્યા છે. વિઝીલન્સ તપાસ પછી જ કોન્ટ્રાક્ટરોને બીલ ચૂકવવામાં આવે તેવી રજૂઆત પણ કેટલાક નગરસેવકોએ કરી છે.

#### ખર્ચના બીલ તેમજ અનેક ત્રિ-માસિક હિસાબો નામંજૂર

સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ બાયડ પાલિકાની સામાન્ય સભામાં વિપક્ષની સંપૂર્ણ ગેરહાજરી ટોક ઓફ ધ ટાઉન બની છે. જ્યારે નગરપાલિકાની સામાન્ય સભામાં કામ નં.૨ અને ૩ અન્વયે ખર્ચના બીલ તેમજ અનેક ત્રિ-માસિક હિસાબો ચકાસીને નિર્ણય લેવાશે તે જોતાં અનેક હિસાબો નામંજૂર થશે. આવું શક્ય બનશે તો પૂર્વ સત્તાધિશોની મુશ્કેલી પણ વધી શકે છે.

# બાયડ નગરપાલિકાનું ૨૫ કરોડનું વિકાસલક્ષી બજેટ મંજૂર

### આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનશે : ચૂંટણી અગાઉ વિકાસની વાતો કરનારા આખે આખો વિપક્ષ કોંગ્રેસ ગેરહાજર

બાયડ તા.૨૪

બાયડ નગરપાલિકાની બુધવારે યોજાયેલી સામાન્ય સભામાં વર્ષ-૨૦૨૧-૨૨નું વિકાસલક્ષી બજેટ ભાજપના ૧૭ સભ્યોની ઉપસ્થિતિમાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવાનો નિર્ધાર કરાયો હતો તેમજ જાહેર સલામતી, પાણી પુરવઠા, જાહેર કામોને પણ અગ્રતા આપવાનો નિર્ણય લેવાયો છે. ચૂંટણી અગાઉ બાયડ પાલિકાના વિકાસની વાતો કરનારા આખે આખો વિપક્ષ કોંગ્રેસ ગેરહાજર રહેતાં બાયડનગરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.



શાસક કે વિપક્ષની પોતાના વિસ્તારમાં વિકાસ માટે યોગ્ય રૂચિ હોવી જરૂરી છે. બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ જેમાં ભાજપ ૧૭ બેઠકો સાથે સત્તામાં આવ્યો. વિપક્ષ કોંગ્રેસને માત્ર ૭ બેઠકો મળ્યા પછી કોંગ્રેસ છાવણી સ્તબ્ધ બની ગઈ છે. પરંતુ તા.૨૪ માર્ચે બાયડ નગરપાલિકાની સામાન્ય સભા બોલાવવામાં આવી હતી જેમાં કોંગ્રેસ હાજર રહી શાસકો સામે આક્રમકતા દાખવશે તેવી સંભાવના હતી. બુધવારે બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલની અધ્યક્ષતામાં અને ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોનીની હાજરીમાં સામાન્ય સભા યોજાઈ ગઈ. જેમાં બાયડ પાલિકાનું વર્ષ-૨૦૨૧-૨૨ નું વિકાસલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું. પાલિકામાં હાજર ભાજપના તમામ ૧૭ સભ્યોએ બજેટને મંજૂર કર્યું હતું જેમાં વર્ષ દરમ્યાન રૂા.૧૮ કરોડથી પણ વધુની આવક અંદાજવામાં આવી છે જેની સામે રૂા.૧૭.૪૩ કરોડના ખર્ચની જોગવાઈ સાથે કુલ રૂા.૨૫,૩૧,૯૪,૮૯૧.૮૧ પૈસાનું વિકાસલક્ષી બજેટ મંજુર કરવામાં આવ્યું.

#### ક્યાંથી આવક થશે-કેટલો ખર્ચ થશે

| | |
|---|---|
| મ્યુનિ રેટ અને કર | રૂા.૧,૩૮,૦૦,૦૦૦.૦૦ |
| સામાન્ય વહીવટ | રૂા.૧,૩૬,૪૫,૦૦૦.૦૦ |
| ખાસ અધિ.થતી ઉપજ | રૂા.૨૧,૦૦૦.૦૦ |
| ઢોર ડબો | રૂા.૧,૦૦૦.૦૦ |
| ભાડુ તથા ફી | રૂા.૩૬,૭૦,૦૦૦.૦૦ |
| જાહેર સલામતી | રૂા.૩૯,૨૦,૦૦૦.૦૦ |
| ગ્રાન્ટ અને ફાળો | રૂા.૧૪,૭૯,૭૮,૦૦૦.૦૦ |
| દિવાબત્તી ખાતે | રૂા.૫૦,૨૨,૦૦૦.૦૦ |
| પરચુરણ આવક | રૂા.૬૦,૬૮,૦૦૦.૦૦ |
| પાણી પુરવઠા ખાતે | રૂા.૧,૦૫,૯૦,૦૦૦.૦૦ |
| લોન | રૂા.૧૦,૦૦,૦૦૦.૦૦ |
| દેખરેખ | રૂા.૭,૨૫,૦૦૦.૦૦ |
| સામાન્ય એડવાન્સીઝ | રૂા.૫૩,૧૦,૦૦૦.૦૦ |
| આરોગ્ય રક્ષણ | રૂા.૯૮,૬૫,૦૦૦.૦૦ |
| સલામતી અનામતો | રૂા.૩૧,૧૦,૦૦૦.૦૦ |
| રસ્તા ખાતે | રૂા.૧૧,૫૦,૦૦૦.૦૦ |
| જાહેર બગીચા ખાતે | રૂા.૧,૫૦,૦૦૦.૦૦ |
| ખેતીવાડી અને સહકાર ક્ષેત્રે | રૂા.૩૦,૦૦૦.૦૦ |
| જાહેર કામો | રૂા.૧૧,૯૦,૦૫,૦૦૦.૦૦ |
| સમાજ કલ્યાણ ખાતે | રૂા.૪,૨૫,૦૦૦.૦૦ |
| દેવા વિભાગ | રૂા.૭૮,૨૫,૦૦૦.૦૦ |
| અનામતો સિક્યોરીટી | રૂા.૧૯,૭૦,૦૦૦.૦૦ |